મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

સેક્ટર-૧૧માં પાર્કિંગની મોટી સમસ્યા

વાહનોની સંખ્યા વધારે અને તેની સામે પાર્કિંગ વ્યવસ્થાનો અભાવ રહેતા ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં વાહનોની વધતી સંખ્યાની સામે વાહનોના પાર્કિંગની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી નથી. સેક્ટર-૧૧માં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વધી રહી છે. આ વિસ્તારમાં સિનેમાઘર, ખાણી-પીણી, પ્રાઈવેટ ઓફિસો હોવાના કારણે લોકોની ભીડ વધી રહી છે. વાહનો મુકવા માટે જગ્યાઓ ખૂટી પડે છે. ભોંયરામાં પાર્કિંગની વ્યવસ્થા હોવા છતાં ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. લોકો માર્ગોની આસપાસ વાહનો પાર્ક કરી રહ્યા છે જેના કારણે માર્ગ ઉપર વાહનચાલકોની અવર-જવર કરવા માટેની જગ્યા સાંકડી બની જાય છે. પાર્કીંગ વ્યવસ્થાના અભાવે વાહનચાલકો મનફાવે તેમ વાહન પાર્કિંગ કરવા મજબૂર બન્યા છે. ગાંધીનગરમાં આ ઉપરાંત ઘણા વિસ્તારોમાં પાર્કિંગ ઝોનના બોર્ડ છતાં બેફામ વાહનપાર્કિંગ થઈ રહ્યા છે. મોટી સમસ્યા એ પણ છે કે લોકો પોતાના મોટા મોટા વાહનો રસ્તા પર પાર્ક કરી દે છે. જેના કારણે અડધા રસ્તા બ્લોક થઈ જતા હોય છે. આ રીતે બેફામ વાહનપાર્ક કરતા લોકો સામે કડક કાર્યવાહી કરાશે એવા દાવાઓ તંત્ર દ્વારા કરવામાં આવે છે પણ તંત્રના કાર્યવાહીના આ તમામ દાવા પોકળ સાબિત થયા છે.

શહેરમાં માર્ગ, મકાન, વાહન વ્યવહાર અને નવી ઈમારતો સાથેની અનેક સુવિધાઓ પાછળ અઢળક નાણાં ફાળવવામાં આવી રહ્યા છે પરંતુ ક્યાંક તંત્ર તો ક્યાંક નાગરિકોની બેદરકારીને કારણે કેટલીક સમસ્યાઓ સર્જાય છે.

સેક્ટર-૧૧ થી સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન તરફ જવાના માર્ગ પર સ્ટ્રીટલાઈટો બંધ રહેતા અંધારપટ છવાયેલુ જોવા મળી રહ્યુ છે. જેમાં રાત્રિ દરમિયાન અકસ્માતનો ભય લોકોને સતાવી રહ્યો છે. ગાર્ડનમાં અવરજવર કરતા લોકો માટે અંધારપટ રહેતા ભયનો માહોલ ઉભો થઈ રહ્યો છે. આખા માર્ગની લાઈટો ઘણા દિવસોથી બંધ હાલતમાં છે. જેના કારણે આ અંધારપટ દૂર કરાય તેવી માંગણી પણ ઉઠી રહી છે.ગાંધીનગરમાં વાહનચાલકો માટે ટ્રાફિક સમસ્યા મોટી સમસ્યા બનવા જઈ રહી છે. માર્ગો પર દિન પ્રતિદિન વધતો ટ્રાફિક અકસ્માત સર્જી રહ્યો છે.

જન્મદિને વધામણી

એમ એમ શાહ

ડાહ્યાભાઈ પ્રજાપતિ
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

રામદાનભાઈ ગઢવી
પ્રમુખ, ખોડિયાર માતાજી મંદિર ટ્રસ્ટ, સેક્ટર-૫
મો. ૯૮૨૫૮ ૫૦૯૯૨

પાર્થ જોશી
મો. ૯૬૩૮૯ ૭૮૪૮૦

અભિષેક બારડ
મો. ૭૦૧૬૯ ૪૬૦ ૬૮

ધનગૌરીબેન દેથલીયા

કલ્પતરૂ પ્રિમિયર લીગમાં પ્રોડક્શન ટીમે દમામભેર ચેમ્પિયન ટ્રોફી મેળવી લીધી.!

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં આવેલી વિશ્વ વિખ્યાત કંપની કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ પોતાના એમ્પ્લોયી માટે સતત પ્રયત્નશીલ હોય છે. હજુ આ મહિને જ એમનો ભવ્યાતિભવ્ય કલ્પોત્સવ આયોજિત કરવામાં આવ્યો હતો અને અત્યારે કલ્પતરૂ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી સેક્ટર - ૮ ખાતે કલ્પતરૂ પ્રિમિયર લીગની ફાઇનલ મેચ આજે પ્રોડક્શન અને એન્જિનિયરિંગ ટીમ વચ્ચે રમાઈ હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા પ્રોડક્શન ટીમે ૭૩ રન કર્યા હતા જેમાં પિયુષ ગજેરાએ સૌથી વધુ ૧૯ રન કર્યા હતા જ્યારે નિકુંજ પટેલે ૧૫ હિમાંશુ બાયડે ૧૪ રનનું યોગદાન આપ્યું હતું. એન્જિનિયરિંગ ટીમના કપ્તાન નટવર પ્રજાપતિએ ચાર વિકેટ ઝડપી હતી. ૭૪ રનનો પીછો કરવા ઉતરેલી એન્જિનિયરિંગ ટીમ ૪૪ રનમાં ઓલઆઉટ થતાં પ્રોડક્શન ટીમનો ૩૦ રને ઝળહળતો વિજય થયો હતો. દિપેન રાણાએ સૌથી વધુ ૧૨ રન કર્યા હતા જ્યારે હાર્દિક ગઢ્ઢરે ત્રણ વિકેટ ઝડપી હતી. મેન ઓફ ધ મેચ જાહેર થયેલા નિકુંજ પટેલે ૧૫ રન, એક વિકેટ અનેક બે અફલાતૂન કેચ ઝડપ્યા હતા.

પ્રોડક્શન ટીમના મેન્ટર તરીકે કે. ડી. ભાવસાર અને એન્જિનિયરિંગ ટીમના મેન્ટર તરીકે એચ. આર. પટેલે ટીમના સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો. ચેમ્પિયન ટ્રોફી કપ્તાન વિશાલ ભાવસારને કંપનીના ડાયરેક્ટર કમલ જૈન અને પ્રેસિડેન્ટ કુમારાદેવન શ્રીનિવાસનના હસ્તે આપવામાં આવી હતી. રનર્સ અપ ટ્રોફી ડેપ્યુટી પ્રેસિડેન્ટ પ્રવિણકુમારના હસ્તે નટવર પ્રજાપતિને આપવામાં આવી હતી. મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બોલર અને બેસ્ટ બેટ્સમેન તરીકે અચલ પટેલ જાહેર થયો હતો જેને સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ ધર્મેશ મહંત, આસિસ્ટન્ટ વાઇસ પ્રેસિડેન્ટ મહેન્દ્ર પટેલ, જનરલ મેનેજર સાત્વિક ત્રિવેદીના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. આ મેચમાં અમ્પાયર તરીકે વિશાલ વ્યાસ અને કમલેશ પટેલ દ્વારા સેવા આપવામાં આવી હતી. મેચમાં કોમેન્ટેટર તરીકે મહેન્દ્ર પટેલે સેવા આપી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટમાં ઉત્કર્ષ ત્રિવેદી અને પરાગ પટેલે સેવાઓ આપી હતી. કલ્પતરૂ પ્રિમિયર લીગમાં પ્રોડક્શન ટીમે દમામભેર વિજય મેળવી લેતા એમના પર ઈનામોનો વરસાદ થયો હતો. કલ્પતરૂ પરિવાર દ્વારા આવી સ્પર્ધાનું આયોજન કરી સૌ વચ્ચે એકાત્મતા વધે એ માટે કામ કરવામાં આવે છે.

એસ.વી. પ્રી- સ્કૂલના બાળકો કાલુપુર બેંકની મુલાકાતે

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલના જૂનિયર અને સીનિયર કે. જી.ના બાળકોને સેક્ટર-૨૩ સ્થિત કાલુપુર કોમર્શિયલ બેંકની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં બેંકના સ્ટાફે તેમને ઉમળકાભેર આવકારી, બેંકના દરેક કાઉન્ટરની તથા રોકડ વ્યવહારની ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. ત્યારબાદ, તમામ બાળકોને લોકર રૂમમાં લઈ જઈ, લોકર બતાવી, લોકરની ઉપયોગિતા અને તેનું મહત્વ વિસ્તારપૂર્વક સમજાવ્યા હતા. આ ઉપરાંત, બાળકોને છ્સ્માં લઈ જઈ, છ્સ્ વિષે પણ જાણકારી આપી હતી. અંતમાં, તમામ બાળકોને ચોકલેટ આપી, ખુશ કર્યા હતા. આ માહિતિપ્રદ મુલાકાતની પરવાનગી આપવા બદલ શાળા પરિવારે બેંક મેનેજરશ્રી અને તેમના સ્ટાફ મિત્રોનો આભાર માન્યો હતો.

બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના મિડિયા સંયોજક ભરત શાહ જણાવે છે કે, ગાંધીનગર અને તેની આસપાસ બનતી રોજબરોજની ઘટનાઓના સમાચારથી પાટનગરની જનતાને માહિતગાર કરવાનું ઉત્તમ કાર્યનું બીડુ ભ્રાતા કશ્યપભાઈ નિમાવતે ઝડપી લઈ ગાંધીનગરમાં પ્રથમ હિન્દી વેબ ન્યૂઝ ચેનલની શરૂઆત કરેલ. વળી આ વેબ ચેનલ નિર્વિઘ્ન અને સ્વતંત્ર્ય રીતે પગભર બની અવિરત નવી ઉચ્ચાઈ ને વરે તે માટે તેમણે પોતાની સુપુત્રીને એંકર તરીકે ડેવલપ કરેલ. અત્યાર સુધીમાં રજુ

યુએસએલએમ કર્ણાવતી યુનિવર્સિટી ખાતે કાનુની શિક્ષણ શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલઓફ લિબરલ આર્ટ્સ એન્ડ માસ કોમ્યુનિકેશન (યુએસએલએમ) કર્ણાવતી યુનિવર્સિટિ ખાતે કાનુની શિબિરનુ આયોજન થયુ

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લિબરલ આર્ટ્સ એન્ડ માસ કોમ્યુનિકેશન (યુએસએલએમ) કર્ણાવતી યુનિવર્સિટિ ઉવારસદ ખાતે એક પોકસો એકટ એટલે કે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સયુઅલ ઓફેન્સીઝ એકટ ૨૦૧૨ તથા સાઇબર ક્રાઇમ અને પ્રિવેન્ટીવ એક્શન વિષયો પર એક માહિતી સભર કાનૂની શિબિર નું આયોજન કરવામાં આવેલું જે અંતર્ગત કોર્ટ પેરા લીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા પોકસો એકટ તથા લૉ સ્ટુડન્ટસ અને પેરા લીગલ વોલન્ટીયર્સ વિધિતા શેટ્ટી ,નિધી શાહ અને વૃંદા પારેખ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન થી સાઇબર ક્રાઇમ અને પ્રિવેન્ટીવ એક્શન અંગે વક્તવ્યો આપવામાં આવેલાં. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સ્કુલ અધિકારીશ્રી માર્કંડ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા.

આર.સી. પટેલ હાઈસ્કૂલમાં વાર્ષિત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ સેક્ટર-૨૩ હા.સં. સ્કૂલમાં વાર્ષિકોત્સવ ઉજવાયો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ ચંદુભાઈ અંલાલા પટેલ અને બાબુભાઈ અંબાલાલ ટેલ હતા. તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ડૉ. પ્રશાંત પંડ્યા, રણછોડ ચાવડા, ડૉ. મિલ્ટન પટેલ, ડૉ. ભૂમિ પટેલ, કૃણાલ ગઢવી પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ 'મિત્રતા' વિષય પર ધોરણ-૯ અને ૧૧ના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા હતા. આ કાર્યક્રમમાં રૂપલબેન શાહ અને વિમલેશ પટેલના માર્ગદર્શન હેઠળ ધોરણ ૧૧ની વિદ્યાર્થીની તીથિ પટેલ અને વૈદિકા ગોહિલે આ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલયના કેમ્પસના કેમ્પસ ડાયરેકટર અને એજ્યુકેશન ફેલકટીના ડીન શ્રીમતી ડૉ. વીણાબેન પટેલ ખાસ ઉપસ્થિતર્યા હતા. અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સર્વ વિદ્યાલય કેમ્પસના ખીમજી વિશ્રામ હોલમાં ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના સુપવાઈઝર વિનોદભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. અને વિદ્યાર્થીઓને અને શિક્ષકોને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી હતી. તેમાં વિદ્યારથીઓને અને શિક્ષકોને પ્રોત્સાહિક કર્યા હતા. તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવનાર શિક્ષકોને આચાર્ય વિષ્ણુભાઈ પટેલે બિરાદવ્યા હતા. આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં આભારદર્શન શાળાના શિક્ષક મનિષ મહેતાએ કર્યું હતું.વંદે માતરમ્ ગાન બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા કુડાસણ ખાતે મંદબુધ્ધિના બાળકો માટે સ્ટેશનરી અને નાસ્તાના વિતરણનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા કુડાસણ ખાતે વિશેષ એબીલીટી એન્ડ થેરાપી સેન્ટરમાં મંદબુધ્ધિના બાળકો માટે જરૂરી સ્ટેશનરી, નોટબુક, કલરચોક તથા માઈક્રોપેન અને નાસ્તાનું વિતરણ કુલ ૧૦૮ બાળકો માટે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક સેવાભાવી નિશિધ શાહ પરિવાર સાથે હાજર રહી બાળકો માટે સહાય પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાયરેક્ટર, ફીઝીકલી એન્ડ મેન્ટલી ચેલેન્જ ચિલ્ડ્રનના લાયન કે.પી. પ્રજાપતિ, લાયન પ્રમુખ મૌલિક ચૌધરી, લાયન સેક્રેટરી અજય પટેલ, પ્રોજેક્ટ ચેરમેન ધવલ દવે, લાયન બોર્ડ મેમ્બર કોકીલાબેન પ્રજાપતિ તથા પરિવાર સાથે નિશીધ શાહ અને ખાસ ઉપસ્થિતિમાં કરણ દેસાઈ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પંચાલ અરવિંદકુમાર ઈશ્વરભાઈ, ૩૨, પિલુન્દ્રા
- સ્વ. તલાટી કેતકી દિલીપભાઈ, ૬૦, ગાંધીનગર
- સ્વ. વીરા કુંદનબેન જીતેન્દ્ર, ૫૯, અડાલજ
- સ્વ. ઠાકોર વિસાજી, ૮૨, ફતેપુરા